# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 13-06-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **હિના મોદી** વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ફ્રાન્સ અને સ્લોવાકિયાની છ દિવસની મુલાકાત માટે રવાના.

2) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ છેલ્લા 12 વર્ષોમાં શિક્ષણ, કૌશલ્ય, અને સ્ટાર્ટઅપ્સની નવી સંસ્કૃતિનું સિંચન કર્યું છે.

3) કેન્દ્રીય શ્રમ અને રમતગમત મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયાએ જણાવ્યું છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના શાસન હેઠળ છેલ્લા બાર વર્ષમાં ભારતનું રાષ્ટ્રીય બજેટ બમણું થયું છે.

4) લેફ્ટનન્ટ જનરલ ધીરજ સેઠ ભૂમિદળના આગામી વડા તરીકે નિયુક્ત.

5) ઈરાને જણાવ્યું છે કે તેની મુખ્ય શરતો પૂર્ણ ન થાય ત્યાં સુધી તે અમેરિકા સાથે અંતિમ શાંતિ કરાર પર હસ્તાક્ષર નહીં કરે.

6) ક્રિકેટમાં, ધર્મશાલામાં શ્રેણીની પ્રથમ એક દિવસીય મેચમાં વરસાદનું વિઘ્નઃ 25 ઓવરની મેચમાં અફઘાનિસ્તાનની પ્રથમ બેટિંગ.

.........................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM SLOVAK VISIT WITH V/C

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ફ્રાન્સ અને સ્લોવાકિયાની છ દિવસની મુલાકત માટે રવાના થયા છે.  શ્રી મોદી આવતીકાલે ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોં સાથે ભારત ઇનોવેટ્સ સંમેલનનું ઉદ્ઘાટન કરશે. તેમણે જણાવ્યું કે આ કાર્યક્રમ ભારતીય સ્ટાર્ટઅપ્સને વિશ્વ સાથે જોડશે.

શ્રી મોદી આવતીકાલે નાઇસથી સ્લોવાકિયાની બે દિવસીય મુલાકાત માટે રવાના થશે. બ્રાતિસલાવામાં રહેતો ભારતીય સમુદાય પ્રધાનમંત્રીની સ્લોવેકિયાની આ પ્રથમ મુલાકાત માટે સજ્જ છે. શ્રી મોદીએ જણાવ્યું કે આ ઐતિહાસિક મુલાકાત બંને દેશો વચ્ચેના સંબંધોને વેગ આપશે.

દરમિયાન પ્રધાનમંત્રીએ કહ્યું કે તેઓ પેરિસમાં ભારતીય સમુદાયને મળવા માટે આતુર છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આ મુલાકાતો યુરોપ અને G-7 બંને સાથે ભારતની ભાગીદારીને વધુ મજબૂત બનાવશે.

પ્રધાનમંત્રીની વિદેશ યાત્રા અંગે સાંભળીએ એક અહેવાલઃ

## (BYTE: SARFAROSHI)

# SHAH-PM

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ છેલ્લા 12 વર્ષોમાં સમગ્ર દેશમાં શિક્ષણ, કૌશલ્ય, સંશોધન અને સ્ટાર્ટઅપ્સની એક નવી સંસ્કૃતિનું સિંચન કર્યું છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી શાહે જણાવ્યું કે પ્રધાનમંત્રી દ્વારા અમલમાં મૂકવામાં આવેલી વિવિધ નીતિઓને પરિણામે ભારત વિશ્વનું બીજા ક્રમનું સૌથી મોટું ઉચ્ચ શિક્ષણ નેટવર્ક ધરાવે છે. તેમણે ઉમેર્યું હતું કે દેશ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટેલેન્ટ પૂલમાં વિશ્વમાં બીજા ક્રમે ઉભરી આવ્યો છે અને બે લાખથી વધુ સ્ટાર્ટઅપ્સ સાથે ભારત વિશ્વનું ત્રીજા ક્રમનું સૌથી મોટું સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ બન્યું છે.

ગૃહમંત્રીએ જણાવ્યું કે પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વમાં દેશમાં 6 કરોડથી વધુ યુવાનોના કૌશલ્ય વિકાસ સાથે પ્રચંડ પ્રગતિ જોવા મળી છે. આ ઉપરાંત 12 કરોડથી વધુ મુદ્રા લોન અને 300થી વધુ સ્પેસ સ્ટાર્ટઅપ્સ એ વાતનો પુરાવો છે કે આજના યુવાનો નોકરી શોધનારા નહીં, પરંતુ નોકરી આપનારા બન્યા છે.

# SHAH-MEETING

ગૃહમંત્રી અમિત શાહે આજે વસ્તી વિષયક પરિવર્તન અંગે એક બેઠકની અધ્યક્ષતા કરી હતી અને આયોગને સરહદી જિલ્લાઓમાં થતા વસ્તી વિષયક ફેરફારોનો અભ્યાસ કરવાનો નિર્દેશ આપ્યો હતો. બેઠક દરમિયાન, શ્રી શાહે આયોગને આ બાબતનું મૂલ્યાંકન કરવા માટે સરહદી વિસ્તારો, મહાનગરો અને ઔદ્યોગિક નગરોની મુલાકાત લેવા પણ સૂચના આપી હતી.

અગાઉ ગયા મહિને, કેન્દ્ર સરકારે ગેરકાયદેસર સ્થળાંતર અને અન્ય અસામાન્ય કારણોસર ઉદ્ભવતા વસ્તી વિષયક ફેરફારોનો અભ્યાસ કરવા અને આ ફેરફારોને પહોંચી વળવા માટેના ઉપાયો સૂચવવા માટે એક ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરી હતી.

# GUJ MANDAVIYA 12 YEARS

કેન્દ્રીય શ્રમ, રોજગાર અને રમતગમત મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયાએ આજે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના શાસન હેઠળ છેલ્લા બાર વર્ષમાં ભારતનું રાષ્ટ્રીય બજેટ બમણું થયું છે, જ્યારે નાગરિકો પરનો  કર બોજ નોંધપાત્ર રીતે ઘટ્યો છે. કેન્દ્ર સરકારના બાર વર્ષ પૂર્ણ થવા નિમિત્તે ગુજરાતનાં પોરબંદરમાં આયોજિત એક પત્રકાર પરિષદને સંબોધતા ડૉક્ટર માંડવિયાએ માળખાગત સુવિધાઓ, સામાજિક સુરક્ષા અને રોજગાર ક્ષેત્રોમાં થયેલા વ્યાપક પરિવર્તનો પર પ્રકાશ પાડ્યો હતો.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે 2014 પહેલા રાષ્ટ્રીય ધોરીમાર્ગોના નિર્માણની દૈનિક સરેરાશ નવ કિલોમીટર હતી, જે આજે વધીને 28 કિલોમીટર થઈ ગઈ છે, જ્યારે રેલવે લાઇનના વિસ્તરણની ગતિ પ્રતિ દિવસ 14 કિલોમીટર સુધી પહોંચી છે. સામાજિક સુરક્ષા ક્ષેત્રે, જન ધન ખાતાઓ અને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) ના માધ્યમથી કવરેજ 2014 પહેલાની 19 ટકા વસ્તીથી વધીને આજે 64 ટકાથી વધુ થઈ ગયું છે.

# GADKARI 12 YEARS

કેન્દ્રીય પરિવહન મંત્રી નિતિન ગડકરીએ આજે જણાવ્યું હતું કે પરિવહન મંત્રાલય માળખાગત વિકાસની સાથે સાથે રોજગારીના સર્જન પર પણ વિશેષ ભાર આપી રહ્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારના 12 વર્ષ દરમિયાન થયેલી સિદ્ધિઓ અને વિકાસલક્ષી પહેલો અંગે નાગપુરમાં આયોજિત એક પત્રકાર પરિષદને સંબોધિત કરતા શ્રી ગડકરીએ જણાવ્યું કે, માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે દેશભરમાં ડ્રાઇવિંગ તાલીમ કેન્દ્રો સ્થાપવાની શરૂઆત કરી છે, જે અંતર્ગત દેશભરમાં કુલ એક હજાર 600 કેન્દ્રો સ્થાપવાનો પ્રસ્તાવ છે. અત્યાર સુધીમાં આ સુવિધાઓ દ્વારા લગભગ 10 લાખ લોકોએ તાલીમ મેળવી છે.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

# PUNJABHARDEEP PURI

કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ જણાવ્યું હતું કે ઈરાન, અમેરિકા અને ઈઝરાયેલ યુદ્ધ સંબંધિત આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિઓએ પેટ્રોલિયમ ક્ષેત્રમાં પડકારો વધાર્યા છે, જેના કારણે પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો થયો છે. જોકે, તેમણે કહ્યું હતું કે કેન્દ્ર સરકારે તે સુનિશ્ચિત કર્યું છે કે દેશના નાગરિકો પર આ ભાવવધારાની અસર ન પડે.

આજે લુધિયાણામાં માધ્યમો સાથે વાત કરતા, શ્રી પુરીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 12 વર્ષના કાર્યકાળને જન-કેન્દ્રિત અને વિકાસલક્ષી ગણાવતા જણાવ્યું કે, આ સમયગાળા દરમિયાન ભારતે દરેક ક્ષેત્રમાં પ્રગતિની નવી દિશા પ્રાપ્ત કરી છે.

**(BYTE: HARDEEP PURI)**

# MP BRICS AGRICULTURE SUMMIT

મધ્યપ્રદેશના ઈન્દોરમાં પાંચ દિવસ સુધી ચાલેલી બ્રિક્સ કૃષિ પરિષદ આજે સંપન્ન થઈ છે. પરિષદના અંતે 'ઈન્દોર ઘોષણાપત્ર'ને સર્વાનુમતે સ્વીકારવામાં આવ્યું હતું. આ ઘોષણાપત્રમાં ખાદ્ય સુરક્ષા, ખેડૂત કલ્યાણ, આબોહવા-અનુકૂળ ખેતી, કૃષિ વેપાર અને ડિજિટલ કૃષિ અંગેના મહત્વપૂર્ણ નિર્ણયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ પ્રસંગે કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું હતું કે બ્રિક્સ દેશો વિશ્વની લગભગ અડધી વસ્તીનું પ્રતિનિધિત્વ કરે છે અને વૈશ્વિક કૃષિ ઉત્પાદનમાં આશરે 42 ટકા ફાળો આપે છે. તેમણે કહ્યું કે ઈન્દોર ઘોષણાપત્ર માત્ર એક સમજૂતીનો દસ્તાવેજ નથી, પરંતુ તે બ્રિક્સ દેશોની સામૂહિક ઈચ્છાશક્તિ અને સહિયારી જવાબદારીનું પ્રતીક છે.

પરિષદમાં ચાર નવી સંસ્થાકીય પહેલોની જાહેરાત કરવામાં આવી હતી, જેમાં પ્રાકૃતિક અને પુનર્જીવિત ખેતી પર સંયુક્ત સંશોધન માટે 'સેન્ટર્સ ઓફ એક્સેલન્સનું નેટવર્ક' સ્થાપવામાં આવશે, શ્રી ચૌહાણે વધુમાં જણાવ્યું કે, ભારત સરકાર ખેડૂતોને 266 રૂપિયામાં યુરિયા અને એક હજાર 350 રૂપિયા પ્રતિ થેલીના ભાવે ડીએપી આપવાનું ચાલુ રાખશે, અને વધારાનો આર્થિક બોજ સરકાર પોતે ઉઠાવશે.

(BYTE: SHIVRAJ SINGH)

# NEW ARMY CHIEF

સરકારે લેફ્ટનન્ટ જનરલ ધીરજ સેઠને 30મી જૂનની બપોરથી લાગુ થાય તે રીતે ભૂમિદળના આગામી વડા તરીકે નિયુક્ત કર્યા છે. તેઓ હાલમાં ભૂમિ દળના નાયબ વડા તરીકે સેવા આપી રહ્યા છે. ભૂમિદળના વર્તમાન વડા જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી તે જ દિવસે સેવા નિવૃત્ત થઈ રહ્યા છે.

સંરક્ષણ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે લેફ્ટનન્ટ જનરલ ધીરજ સેઠ ખડકવાસલાની નેશનલ ડિફેન્સ એકેડેમીના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે અને ડિસેમ્બર 1986માં આર્મર્ડ કોર્પ્સમાં કમિશન મેળવ્યું હતું. લગભગ ચાર દાયકાની તેમની પ્રતિષ્ઠિત સૈન્ય કારકિર્દી દરમિયાન, તેમણે ઓપરેશનલ, વ્યૂહાત્મક, ક્ષમતા વિકાસ અને સંસ્થાકીય ક્ષેત્રોમાં વ્યાપક અનુભવ મેળવ્યો છે, જેના દ્વારા ભારતીય સેનાની લડાયક ક્ષમતા અને લાંબા ગાળાના પરિવર્તનમાં તેમણે મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

# IRAN-US PEACE DEAL

ઈરાને જણાવ્યું છે કે જ્યાં સુધી તેની મુખ્ય શરતો પૂર્ણ ન થાય ત્યાં સુધી તે અમેરિકા સાથે ચાલી રહેલા સંઘર્ષનો અંત લાવવા માટેના અંતિમ શાંતિ કરાર પર હસ્તાક્ષર કરશે નહીં. જોકે, એવા અહેવાલો છે કે બંને પક્ષો પ્રારંભિક કરારની નજીક છે.

ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ જણાવ્યું કે સમજૂતીનો મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો છે અને આગામી દિવસોમાં ડિજિટલી હસ્તાક્ષર થઈ શકે છે. જોકે, ઈરાને જણાવ્યું છે કે જ્યાં સુધી અમેરિકા તેની નૌકાદળની નાકાબંધી હટાવે નહીં અને અબજો ડોલરની સ્થિર સંપત્તિના નુકસાનની ભરપાઈ ન કરે ત્યાં સુધી તે કાયમી કરાર પર હસ્તાક્ષર કરશે નહીં.

દરમિયાન પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદમાં ચાલી રહેલી ગુપ્ત વાટાઘાટોમાં અમેરિકા અને પાકિસ્તાની મધ્યસ્થીઓએ પુષ્ટિ આપી કે બંને પક્ષો શાંતિ કરારના ડ્રાફ્ટ પર સંમત થયા છે.

# CRICKET- IND-AFG ODI

ક્રિકેટમાં, ધર્મશાલામાં ત્રણ મેચની શ્રેણીની પ્રથમ વન ડે આંતરરાષ્ટ્રીય મેચમાં વરસાદના વિઘ્ન વચ્ચે પ્રથમ બેટિંગ કરતા અફઘાનિસ્તાને 24.3 ઓવરમાં 193 રન બનાવ્યા હતા. સતત વરસાદને કારણે મેચ શરૂ થવામાં વિલંબ થતાં તેને ૨૫ ઓવરની કરી દેવામાં આવી હતી. ભારતે ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરવાનો નિર્ણય લીધો હતો. ભારત તરફથી હર્ષ દુબે અને ગુરનૂર બ્રાર વન ડેમાં પદાર્પણ કરી રહ્યા છે.